**સને ૨૦૧૩-૧૪માં માંગણી નં-૯૬ હેઠળ રાજ્યમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજના હેઠળ નવી બાબતે રૂ.૫૮૦/લાખની જોગવાઇને વહિવટી મંજુરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**

**ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૩/૮૨ /૨,**

**શિક્ષણ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર**

**તારીખ: ૦૪ /૦૫/૨૦૧૩**

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૪/૧૨/૨003 ના ઠારાવ ક્રમાંક: મભય/૧૩૨003/૧૨૬૭ /૨

(૨) શિક્ષણ વિભાગના તા.૦૭/૪/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૧૧-૨૧૮૮૦૫-ક

(૩) કમિશ્નરશ્રી મ.ભો.યો. ના તા.૨૨ /૩/૨૦૧૩ ના પત્ર ક્રમાંક: મભય/અમલ/આ.જા.કન્યાઓ/૧૩-૧૪/ ૩૧૪૬

(૪) શિક્ષણ વિભાગના તા.03/૦૫/૨૦૧૩ ના ઠારાવ ક્રમાંક: મભય/૧૩૨003/૧૨૬૭ /૨

**ઠ રા વ -**

રાજયના આદિજાતિ વિસ્તારોની આદિજાતિઓની કન્યાઓમાં શિક્ષણ/કેળવણીનો વ્યાપ વધારવા, પ્રાથમિક શિક્ષણ પ્રત્યે રુચિ કેળવવા, પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા, પ્રાથમિક શિક્ષણમું સ્તર ઉંચુ લાવવા અને ડ્રોપ આઉટ રેશીયોનું પ્રમાણ ઘટાડવા અને ધો-૧ થી ૭ માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યાઓના કેળવણી વ્યાપ વધારવા, પ્રોત્સાહન આપવા, શિક્ષણનું ઉંચું લાવવા,ડ્રોપઆઉટ પ્રમાણ ઘટાડવા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે હેતુથી આદિજાતિ કન્યા દીઠ ધોરણ ૧ થી૭ માં અભ્યાસ કરતી કન્યાઓને વાર્ષિક ૬૦-કિલો ગ્રામ કુટુંબદીઠ મહત્તમ બે કન્યાઓ માટે ૧૨૦ -કિલો ગ્રામ મફત અનાજ વિતરણની યોજના સંદર્ભ-(૧)ના ઠરાવામાં આવેલ છે. સંદર્ભ-(૨)ના ઠરાવથી ધોરણ-૮નો પ્રાથમિક શાળાઓમાં સમાવેશ કરવાથી સંદર્ભ-(૩)ના કમિશ્નરશ્રી મ.ભો.યો. દ્વારા સને ૨૦૧૩-૧૪માં માંગણી નં-૯૬ હેઠળ રાજ્યમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજના હેઠળ નવી બાબતે રૂ.૫૮૦/લાખની જોગવાઇને વહિવટી મંજુરી આપવા બાબત વિચારણા હેઠળ હતી. સંદર્ભ-(૪)માં દર્શાવેલ આ વિભાગના ઠરાવથી રાજ્યમાં ધોરણ.૮ માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને મફત અનાજ આપવાનો લાભ આપવાનું ઠરાવેલ છે.

૨. પુખ્ત વિચારણાના અંતે સને ૨૦૧૩-૧૪માં માંગણી નં-૯૬ હેઠળ રાજ્યમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજના હેઠળ નવી બાબતે રૂ.૫૮૦/લાખની જોગવાઇને વહિવટી મંજુરી બાબતે નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૩-૧૪ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.આ ગ્રાન્ટનો ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહીં.

(૨) આ યોજનાનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી સુચનાઓ તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સાધન-સમગ્રીની ખરીદી સરકાર માન્ય પધ્ધતિએ કરવાની રહેશે.અને ઉદ્યોગ ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ- ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ ૨૦૧૩-૨૦૧૪ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાંનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર –(૦૮)-એમડીએમ-૦૨-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-આયોજન હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૭ /૪/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.મારુ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,બિરસામુડા ભવન,સેકટર-૧૦, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- સર્વે કલેકટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. } કમિશ્નરશ્રી, મ.ભો.યો.મારફતે
-- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ }
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.